
# રામમંદિર માટે વટહૂકમ નહીં, જનમત થવો જોઈએ : પ્રકાશ આંબેડકર

**મુંબઈ,** ભારિપ બહુજન મહાસંઘ પાર્ટીના વડા પ્રકાશ આંબેડકરે માગણી કરી છે કે અયોધ્યામાં રામમંદિર બાંધવાના મુદ્દે જનમત યોજાવો જોઈએ. પત્રકારો સાથેની વાતચીતમાં 'ભારત રત્ન' ડો. બાબાસાહેબ આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરે કહ્યું કે રામમંદિર બાંધવા માટે સરકારી વટહૂકમ બહાર પાડવો કે વિવાદાસ્પદ જમીન હસ્તગત કરવી એ ઉચિત વિકલ્પો નથી. રામમંદિર બાંધવા માટે તો જનમત યોજવો જોઈએ, એવું આંબેડકરે ભારપૂર્વક કહ્યું છે. અયોધ્યામાં રામમંદિર બાંધી શકાય એ માટે સરકારે વટહૂકમ બહાર પાડવો જોઈએ એવી આરએસએસના વડા મોહન ભાગવતે હાલમાં વિજયાદસમી વાર્ષિક રેલી વખતે કરેલી માગણી વિશે પ્રત્યાઘાત આપવાનું પૂછતાં આંબેડકરે સામું પૂછ્યું કે, 'આરએસએસ વળી કોણ છે અને મોહન ભાગવત વળી કોણ છે?' આંબેડકરે ભાજપના મિત્ર પક્ષ શિવસેનાની પણ ટીકા કરી છે અને કહ્યું કે શિવસેનાની વાક્છટાથી લોકો મૂર્ખ બની જાય એવા નથી.

શું તમારી પાર્ટી કોંગ્રેસ અને એનસીપી સાથે જોડાણ કરશે? એવા સવાલના જવાબમાં આંબેડકરે કહ્યું કે હું કોંગ્રેસના નેતાઓને એકવાર મળ્યો હતો અને એમણે મને કહ્યું હતું કે તેઓ મારા પ્રસ્તાવ વિશે કેન્દ્રીય નેતાગીરી સાથે મસલત કરશે. એ પછી મને એમની તરફથી કંઈ સાંભળવા મળ્યું નથી.

આવતા વર્ષે નિર્ધારિત લોકસભા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ લડવા માટે અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લીમીન પાર્ટી પાસે જોડાણ કર્યું છે.





બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાને ૩ તારીખના રોજ સાંજે બાન્દ્રા સ્થિત પોતાના બંગલા 'મન્નત' પર બર્થડે અને દિવાલી પાર્ટી એકસાથે રાખી હતી. આ પાર્ટીમાં તમામ દિગ્ગજ સેલેબ્સ સામેલ થયા હતા. આ પાર્ટીમાં કરિના કપૂર ખાન, આલિયા ભટ્ટ, કેટરીના કૈફ, આમિર ખાન, જેકી શ્રોફ અને સંજય લીલા ભણસાણી સહિતના ફિલ્મ સ્ટાર્સ આવ્યા હતા.



Googleનાં કર્મચારી કિવોબા એલેરીએ ગુગલ સામે પ્રદર્શન કર્યુ હતું અને ગુગલનાં કર્મચારીઓ દ્વારા મહિલા સામે થયેલા જાતિય શોષણનાં કેસનો વિરોધ કર્યો હતો.

# રાફેલ કરારમાં ભ્રષ્ટાચારની સાથે-સાથે રાષ્ટ્રીય સુરક્ષા પણ નેવે મૂકાઈ : પ્રશાંત ભૂષણ

**ન્યુ દિલ્હી,** સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું છે કે રફાલ યુદ્ધવિમાનના કરારના મામલામાં નાણાંકીય ભ્રષ્ટાચારની સાથે રાષ્ટ્રીય સુરક્ષા સાથે પણ સમજૂતી કરાઈ છે. જ્યારે બોફોર્સ કાંડમાં આવું ન હતું. પ્રશાંત ભૂષણે એક સંમેલનમાં



કહ્યુ હતુ કે રફાલ કરારમાં માત્ર ભ્રષ્ટાચાર જ નથી થયો, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા સાથે પણ સમજૂતી થઈ છે. બોફોર્સ કાંડ ૬૪ કરોડ રૂપિયાની કટકી લેવાનો મામલો હતો. પરંતુ તેમા રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમજૂતીનું પાસું સામેલ ન હતું. પ્રશાંત ભૂષણનો દાવો છે કે રફાલ ડીલમાં વીસ હજાર કરોડ રૂપિયાનો ગોટાળો થયો છે અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે પણ સમજૂતી કરવામાં આવી છે.

પ્રશાંત ભૂષણે રફાલ ડીલમાં ભ્રષ્ટાચાર સાથે રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમજૂતી થઈ હોવાનું જણાવ્યું છે. પ્રશાંત ભૂ,ણે દાવો કર્યો હતો કે રફાલ યુદ્ધવિમાનનો સોદો એટલો મોટો ગોટાળો છે કે જેની આપણે કલ્પના પણ કરી શકીએ નહીં. તેમણે આરોપ લગાવ્યો હતો કે ઓફસેટ કરાર દ્વારા અનિલ અંબાણીના રિલાયન્સ સમૂહને કથિત દલાલી તરીકે ૨૧ હજાર કરોડ રૂપિયા મળ્યા. તેમણે રફાલ ડીલ સાથે જોડાયેલી કથિત દલાલીને ૧૯૮૦ના દશકમાં બોફોર્સ તોપ સોદામાં આપવામાં આવેલી કથિત દલાલી સાથે સરખામણી કરી હતી. જો કે આના પહેલા આવા તમામ આરોપોને અનિલ અંબાણીના ઔદ્યોગિક જૂથ તરફથી સ્પષ્ટપણે રદિયો આપવામાં આવ્યો હતો.પ્રશાંત ભૂષણનો આરોપ છે કે ભાજપના નેતૃત્વવાળી સરકારે માત્ર સોદામાં અનિલ અંબાણીની કંપનીને સ્થાન આપવા માટે રાષ્ટ્રીય સુરક્ષા સાથે કથિતપણે સમજૂતી કરીને ભારતીય વાયુસેનાને લાચાર સ્થિતિમાં મૂકી દીધી છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યુ છે કે રફાલ સોદો એટલો મોટો ગોટાળો છે કે જેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. બોફોર્સ ૬૪ કરોડ રૂપિયાનો ગોટાળો હતો.

## નીતિશ કેબિનેટમાં લેવાયો સૌથી મોટો નિર્ણય,પીએમસીએચને વિશ્વની સૌથી મોટી હોસ્પિટલ બનાવાશે

# ગુજરાતમાં સૌથી ઊંચી પ્રતિમા : બિહારમાં બનશે વિશ્વની સૌથી મોટી હોસ્પિટલ..!!

**પટના,** થોડા દિવસો પહેલાં ગુજરાતમાં વડાપ્રધાને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું. તેને બનાવવા માટે લગભગ ૩૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સવાલ એ જ કે આટલા કરોડો રૂપિયાના ધૂમાડો કર્યા પછી સામાન્ય પ્રજાને મળશે શું...? શું આ મૂર્તિ યુવાનોને રોજગારી આપશે? એક બાજુ ગુજરાતમાં સરદારની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યૂનિટીનું લોકાર્પણ થયું, જેના કારણે વિશ્વમાં ગુજરાતનું નામ ગૂંજતું થઇ ગયું. હવે જાણે દેશમાં એક પછી એક રાજ્યો હરીફાઈમાં ઉતર્યા હોય તેમ નીતિશ કેબિનેટે પટણા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (પીએમસીએચ)ને વિશ્વની સૌથી મોટી હોસ્પિટલ બનાવવાનો નિર્ણય કર્યો છે. તેના માટે સરકારે પણ મંજૂરી આપી દીધી છે. વિશ્વની સૌથી મોટામાં મોટી હોસ્પિટલમાં ૫૪૬૨ બેડ ક્ષમતા હશે. આ હોસ્પિટલ બનવવાનો અંદાજિત ખર્ચ ૫૫૪૦.૦૭ કરોડ થશે. માનવામાં આવી રહ્યું છે કે આ દુનિયાની સૌથી મોટી હોસ્પિટલ બની જશે, જ્યાં વર્લ્ડ ક્લાસની સુવિધાઓ દર્દીઓને પુરી પાડવામાં આવશે.

આ નિર્ણય મુખ્યમંત્રી નીતીશ કુમારની અધ્યક્ષતામાં આયોજિત એક બેઠકમાં લેવામાં આવ્યો છે. મળેલી મીટિંગમાં કુલ મળીને ૩૪ નિર્ણયો લેવાયા હતા. કેબિનેટ સચિવાલય વિભાગના પ્રધાન સચિવ સંજય કુમારે પોતાની વાતચીતમાં જણાવ્યું કે, કેબિનેટે પીએમસીએચનો પુનર્વિકાસ ૫૫૪૦.૦૭ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચથી વિશ્વની સૌથી વધારે (૫૪૬૨) રૂમોવાળી હોસ્પિટલ બનાવવાની મંજૂરી આપી છે. આ હોસ્પિટલને બિહાર મેડિકલ સર્વિસેજ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોર્પોરેશન લિમિટેડ (બીએમએસઆઈસીએલ) પુરી રીતે તૈયાર કરીને રાજ્યને સોંપશે. પટના મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ૧૯૨૫માં બનાવવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, આ કદમથી બિહારમાં ડોક્ટરોની કમીને પુરી કરવામાં મદદ મળશે અને દર્દીઓને સર્વશ્રેષ્ઠ ચિકિત્સકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલના સમયમાં હોસ્પિટલમાં ૧૭૫૪ રૂમોની ક્ષમતા છે. તેના સિવાય એમબીબીએસ સીટોની સંખ્યા ૧૫૦થી વધારીને ૨૫૦ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે, પીએમસીએચની સ્થાપના ૧૯૨૫માં કરવામાં આવી હતી.

વિશ્વની સૌથી મોટી હોસ્પિટલમાં ૩૬ સુપર સ્પેશિયાલીટી વિભાગો હશે. હાલમાં માત્ર ૮ સુપર સ્પેશિયાલીટી વિભાગો છે. આ હોસ્પિટલને ત્રણ તબક્કામાં વિકસાવવામાં આવશે અને સમયસર તેનું કામ પુરુ કરવામાં આવશે.

**આ હોસ્પિટલમાં ૫૪૬૨ બેડની ક્ષમતા હશે,હોસ્પિટલ બનાવવાનો અંદાજિત ખર્ચ ૫૫૪૦.૦૭ કરોડ થશે,દર્દીઓને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે,૩૬ સુપર સ્પેશિયાલિટી વિભાગો હશે**


equitas
(અગાઉ ઇક્વિટાસ ફાઇનાન્સ લિ. તરીકે જાણીતી)
રજી. ઓફિસ નં.૭૬૯, સ્પેન્સર પ્લાઝા, ૪થો માળ, ફેસ-૨, અન્ના સલાઇ, ચેન્નાઇ, ટીએન ૬૦૦૦૦૨, # 044-42995000, 044-42995050

**માંગણા નોટિસ**

**સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ નોટિસ**

આથી નીચે દર્શાવેલા ઋણકર્તાઓને નોટિસ આપવાની કે તેમણે મે. ઇક્વિટાસ હાઉસિંગ ફાઇનાન્સ લિ./મે. ઇક્વિટાસ ફાઇનાન્સ લિ./ મે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ લિ. પાસેથી લોનની સગવડતા મેળવેલી છે. આ સમયગાળા દરમ્યાન મે. ઇક્વિટાસ હાઉસિંગ ફાઇનાન્સ લિ.નું માનનીય હાઇકોર્ટ ઓફ જ્યુડિકેટર મદ્રાસનો સીપી નં.૧૧૯ થી ૧૨૧, ૨૦૧૬નો ઓર્ડર તા.૦૬-૦૬-૨૦૧૬ મુજબ વિલીનીકરણની સ્કીમને મંજૂરી મળ્યા બાદ તેનું ક્વિટાસ ફાઇનાન્સ લિ.માં વિલીનીકરણ થયું છે. આ વિલીનીકરણને લીધે ઇક્વિટાસ હાઉસિંગ ફાઇનાન્સ લિ.ના તમામ હક્કો અને જવાબદારીઓનું ઇક્વિટાસ ફાઇનાન્સ લિ.માં સ્થાપિત થયા છે. આથી આગળ એવું જણાવવામાં આવે છે કે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, ચેન્નઇ એ જારી કરેલ સર્ટિફીકેટ અનુસાર મે. ઇક્વિટાસ હાઉસિંગ ફાઇનાન્સ લિ.નું નામ બદલાઇને મે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. થયું છે અને રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ તા.૩૦-૦૬-૨૦૧૬ના રોજ મે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. ને લાઇસન્સ જારી કર્યું છે, કે તેઓ બેંકિંગનો બિઝનેસ કરી શકશે. ઉપરોક્ત ઋણકર્તાઓ તેમની લોનની ઇએમઆઇ ચૂકવવામાં નિષ્ફળ નીવડ્યા છે તેથી તેઓનો એકાઉન્ટ રીઝર્વ બેંકની ગાઇડલાઇન પ્રમાણે નોન પરફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. ઋણકર્તાઓએ સ્થાવર મિલકતોની સિક્યોરીટી પુરી પાડી છે કે જેની વિગતો નીચે મુજબ છે. લોન વિગતો અને ઋણકર્તાઓએ ઇએસએફબીને હાલની તારીખે બાકી લેણાંની વિગતો નીચે મુજબ છે. આથી ઋણકર્તાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઇએસએફબીની નીચે સહી કરનાર ઓથોરાઇઝડ ઓફિસરે એટલે કે સુરક્ષિત લેણદારે નીચે મુજબના ઋણકર્તાઓ વિરુધ્ધ સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફેસી એક્ટ) હેઠળ પગલાં લીધેલ છે. જો નીચે દર્શાવેલ ઋણકર્તાઓ તેમની નામ સામે દર્શાવેલા નાણાં આ નોટિસ મલ્યેથી ૬૦ દિવસમાં ચૂકવવામાં નિષ્ફળ જશે તો નીચે સહી કરનાર સુરક્ષિત લેણદાર સરફેસી એક્ટની કલમ ૧૩ના સેક્શન ૪ હેઠળ કોઇપણ એક અથવા વધારે પગલાં ભરી કાયદાનો અમલ કરશે. જેમાં મિલકતનું પઝેશન પણ લઇ અને તેનું વેચાણ કરવાની સત્તા ધરાવે છે. જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ મિલકત સાથે કોઇ વ્યવહાર કરવો નહીં.

| ઋણકર્તાઓ /ગેરન્ટરોના નામ, શાખાનું નામ | ડીમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સુરક્ષિત મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|
| બ્રાન્ચ ખેડા L.No:SEAHMBD0023616 ઋણકર્તા- ૧) ધરમશીભાઇ લીલાભાઇ રબારી અને સહઋણકર્તા ૧) શ્રીમતિ રબારી ચેહરબેન ૨) શ્રી સાંજા કુમાર | ૧૮-૦૯-૨૦૧૮ અને રૂા. ૩,૨૬,૦૩૩.૦૦ | લેન્ડ અને બિલ્ડીંગ, પ્રોપર્ટી નં.૧૦૬, જમીન ૭૧૫ સ્ક્વે.ફી. ગામ સહીજ, તાલુકો ધોળકા, જિ. અમદાવાદ ચતુ:સીમા: ઉત્તરે રબારી દશરથભાઇનું મકાન નં.૧૦૬/૨, દક્ષિણે રબારી ધનાજીનું મકાન નં.૧૦૬/૧, પૂર્વે કોમન રોડ, પશ્ચિમે ચાવડા ગંભીરભાઇનો કોમન પ્લોટ |


# બેંક ઓફ બરોડાએ નાણાકીય પરિણામોની જાહેરાત કરી

બેંક ઓફ બરોડાએ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નાં બીજા ત્રિમાસિક ગાળામાં એનાં ઓડિટેર પરિણામોની જાહેરાત કરી હતી, જેને ૩૦ ઓક્ટોબર, ૨૦૧૮નાં રોજ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે મંજૂરી આપી હતી.

કાર્યકારી નફો વાર્ષિક ધોરણે ૧.૩૧ ટકા વધીને રૂ. ૩,૦૮૨ કરોડ થયું હતું. ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૯.૭૨ ટકા વધીને રૂ. ૪૨૫ કરોડ થયો હતો, જે રૂ. ૩૫૫ કરોડ હતો. વ્યાજની ચોખ્ખી આવક (NII) વાર્ષિક ધોરણે ૨૦.૭૫ ટકા વધીને રૂ. ૪,૪૯૨ કરોડ થઈ હતી, જે ગયા વર્ષનાં સમાન ગાળામાં રૂ. ૩,૭૨૦ કરોડ હતી. કાર્યકારી આવક (NII + અન્ય આવક) વાર્ષિક ધોરણે ૭.૦૯ ટકા વધીને રૂ. ૫૮૪૪ કરોડ થઈ હતી.

સપ્ટેમ્બર, ૨૦૧૮માં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળામાં વ્યાજનું ચોખ્ખું માર્જિન (NIM) વધીને ૨.૬૧ ટકા થયું હતું, જે સપ્ટેમ્બર, ૨૦૧૭માં ૨.૩૪ ટકા હતું. ઈન્ટરનેશનલ કામગીરીનું એનઆઈએમ સુધરીને ૧.૬૬ ટકા થયું હતું, જે ગયા વર્ષે ૧.૧૫ ટકા હતું. ફીની મુખ્ય આવક વાર્ષિક ધોરણે ૧૪.૨૭% વધીને રૂ. ૯૬૧ કરોડ થઈ હતી.(૧)

# બીઈંગ પેશન્ટ ફાઉન્ડેશન દ્વારા જાગૃતિ ફેલાવવાની મિશન




**અમદાવાદ:** બીઈંગ પેશન્ટ ફાઉન્ડેશન એ અમદાવાદ સ્થિત ભારતનું પ્રથમ એનજીઓ છે જે દાઝી ગયેલા પણ સારવાર માટે નાણાં ન ધરાવતા લોકોને દાન આપીને મદદ કરે છે અને તેમને દાઝી જવાના પ્રથમ દિવસથી દાઝી ગયેલા દર્દીઓના પુનઃસ્થાપન માટે અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તેમને રોજગારી આપીને મદદ કરે છે. એનજીઓનો હેતુ અને ઉદેશ દાઝી ગયેલા દર્દીઓ અંગેની જાગૃતિ ફેલાવવાની અને પ્રિવેન્શનસ, સારવાર, રિહેબ કેર, રેસ્ટોરેશન, કાઉન્સેલિંગ અને રોજગારી વધારવાનો છે જેમાં તે આ અનોખા કન્સેપ્ટ સાથે ભારતમાં મિશન – ઓપરેશન રિસ્ટોર લાઈફ વિથ ડ્રિમિંગ – બર્ન્સ ફ્રી ઈન્ડિયા-ગ્લોબ, વિથ કેમ્પેન – સે નો ટુ બર્ન્સ, હેવિંગ વિઝન – હેલ્થ ચેલ ફોર હેલ્ધી ઈન્ડિયા સાથે કાર્યરત રહે છે.

વર્ષ ૨૦૨૫ સુધીમાં બર્ન્સ ફ્રી ઈન્ડિયા-ગ્લોબના હેતુ અંગે બીઈંગ પેશન્ટ ફાઉન્ડેશનના સ્થાપક મિલિંદ શાહે કહ્યું હતું કે, ભારતમાં વિશ્વના ૧૭% જેટલી વસતી છે જેમાં ૫૦% જેટલા લોકો દાઝી જવાની સમસ્યાનો ભોગ બન્યા હોય છે. અંદાજે ૧૦૦૦૦ ભારતીયો દરરોજ દાઝે છે અને ૫૦૦ ભારતીયો દાઝી જવાથી મૃત્યુ પામે છે. ભારતમાં ૧૫મું અગ્રણી કારણ મૃત્યુ માટેનું છે અને ૧૭મું અગ્રણી કારણ વિકલાંગતા આવવા માટેનું બની રહે છે. અમારી સેવાઓ દરમિયાન અમે જોયું છે કે ખર્ચાળ સારવારના કારણે લોકો તેમના દાગીના, મિલકત્તો, જમીન અને ઘર પણ વેચી દે છે. લોકોદાઝી જનારા દર્દીઓને તેમના કદરૂપા દેખાવના કારણે સમાજમાં સ્વીકારતા નથી. આથી અમે નક્કી કર્યુ છે કે આ સામાજિક બહિષ્કારના માહોલને દૂર કરવો અને બર્ન્સ પેશન્ટને ભારતના દરેક શહેરમાં બર્ન્સ ક્લબ માટે પ્રોત્સાહિત કરવા કે જેથી અમારા ગ્રામીણ વિસ્તારો, શાળાઓ, લેડીઝ ક્લબ, ઈન્ડસ્ટ્રીયલ આઉટલેટ્સ, સેમિનાર્સ ક્લબ્સ, સોશિયલ મીડિયા કેમ્પેન વગેરેમાં અમારા કેમ્પેન સાથે બર્ન્સ અવેરનેસને ફેલાવી શકાય. (૧૯-૮)

# મધ્યપ્રદેશમાં ગુનેગાર હોય તો પણ ટિકિટ આપોઃ કમલનાથનો વીડિયો વાયરલ

**ભોપાલ,** મધ્યપ્રદેશમાં ચૂંટણી પહેલાં એક વાયરલ વીડિયોને લઈને રાજકારણ ગરમાયું છે. મધ્યપ્રદેશ ભાજપે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને છિંદવાડાના સાંસદ કમલનાથનો એક વીડિયો ટ્વીટ કર્યો છે જેને લઈને ઝસ શિવરાજસિંહ અને ભાજપના તમામ નેતાઓ કમલનાથ અને કોંગ્રેસ પર નિશાન સાધી રહ્યાં છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેમાં તેઓ ટિકિટ આપવાની વાત કરતા હતા. આ વીડિયોમાં એક જગ્યાએ કમલનાથ કથિત રીતે એવું બોલતા નજરે પડે છે કે તેઓને જીતવાવાળા કેન્ડિડેટ જોઈએ, જો તેના પર કેસ હોય તો પણ કોઈ વાંધો નહીં. વીડિયોમાં કમલનાથ કથિત રીતે બોલતાં નજરે પડે છે કે, "કોઈ કહે છે કે તેના પર તો ચાર કેસ છે, હું કહું છું ભલે ને પાંચ હોય, અમે તો એવામાં છીએ કે અમને જીતવાવાળા જોઈએ.

પહેલી નજરે વીડિયો જોતાં લાગે કે કમલનાથ કથિત રીતે ગુનેગારોને પણ ટિકિટ આપવાની વાત કરે છે. જો કે આ વીડિયો કેટલો સાચો છે કે ખોટો તે વાતની અમે પુષ્ટી નથી કરી રહ્યાં.

આ વીડિયો વાયરલ થયાં બાદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ટ્વીટ કરી લખ્યું કે, "જો આ જ કોંગ્રેસની રાજનીતિ છે તો... બાકી જનતા પોતે જ સમજદાર છે, તેઓ જ નિર્ણય લેશે કે ૨૮ નવેમ્બરે મતદાન કરી કોને વિજયી બનાવશે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પણ આ વીડિયો ટ્વીટ કર્યો છે.

કોંગ્રેસે કમલનાથના વાયરલ થઈ રહેલાં વીડિયોને ડોક્ટર્ડ એટલે કે મૂળ વીડિયોથી છેડછાડ કરી બનાવવામાં આવેલો વીડિયો ગણાવ્યો છે.

# મેક્સિસ ટાયર્સે સમગ્ર ભારતમાં ૧૦૦૦થી વધુ ડિલરશીપ્સના આંકડાને પાર કર્યો

વિશ્વની ટાયર કંપનીઓમાં દુનિયાની ઝડપથી વિકસતી કંપનીઓ પૈકી એક મેક્સિસ ગ્રુપની પેટા કંપની અને વિશાળ ટૂ-વ્હિલર ટાયર ઉત્પાદક મેક્સિસ ઇંડિયાએ આજે જાહેરાત કરી છે કે તે ૧૨ મહિનાના ટૂંકા ગાળાની અંદર તેની વેબસાઈટ પર ૧૦૧૮ ડિલરશિપ્સ લાઈવ કરી ભારતમાં ૧૦૦૦ ડિલરશિપ્સના આંકડા સુધી પહોંચી ગઇ છે. આ સિદ્ધિ દેશમાં અગ્રણી ટાયર ઉત્પાદકતા બનવા તરફ મેક્સિસની કટિબદ્ધતાનો મજબૂત સંકેત છે.

આ સિદ્ધિ પર ટિપ્પણી કરતાં શ્રી બિંગ-લિન વુ, માર્કેટિંગ અને રિસર્ચ સેલ્સ હેડ, મેક્સિસ ઇંડિયાએ જણાવ્યું, "ટૂંકા ગાળામાં અમારી વેબસાઈટ પર ૧૦૦૦થી વધુ ડિલર્સ આંકડાની ઉપલબ્ધિ સુધી પહોંચી અમે ખૂબ જ આનંદ અનુભવી રહ્યાં છીએ. જે રીતે અમે દેશમાં અમારી ઉપસ્થિતિ વધારી રહ્યાં છીએ તેને જોતા ગ્રાહકના અનુભવને શ્રેષ્ઠ બનાવવા માટે નેટવર્ક વિસ્તરણ એક મહત્વપૂર્ણ ભાગ છે. બજારની સંભાવનાઓને સમજવા માટે અમે અમારા ટાયર્સને ગ્રાહકો માટે વધુ સુલભ બનાવી રહ્યાં છીએ અને અમારા તમામ ડિલરશીપ્સમાં સર્વોત્તમ સેવાઓ સુનિશ્ચિત કરી રહ્યાં છીએ. અમે ભારતમાં વિકાસની ગતિ સાથે ખૂબ જ ખુશ છીએ કારણ કે તે અમારા માટે પ્રાથમિકતા ધરાવતુ બજાર છે અને દેશમાં અમારી ઉપસ્થિતિ વધારવા અમારી પાસે મજબૂત પ્રતિબદ્ધતા છે."(૧-૭)


**Bloom Dekor Limited**
**CIN:** L20210GJ1992PLC017341
**Registered Office:** Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat - 383 205
**Corp.off:** 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380 059
**Ph:** 079 - 2684 1916; **Fax:** 079 - 2684 1914; **Email:** redressal@bloomdekor.com; **Web:** www.bloomdekor.com

(` in Lakh except EPS)

| Particulars | Quarter ended on 30/09/2018 | Year ended on 31/03/2018 | Quarter ended on 30/09/2017 |
|---|---|---|---|
| | Unaudited | Audited | Unaudited |
| Total Income From Operations | 1,351.76 | 6,740.10 | 1,710.39 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (252.65) | (369.95) | 40.51 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (252.65) | (369.95) | 40.51 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (189.75) | (150.93) | 20.52 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (187.45) | (142.16) | 20.48 |
| Equity Share Capital | 685.00 | 685.00 | 685.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | - | 373.59 | - |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualized for the quarter ended) | (2.77) | (2.20) | 0.30 |
| Diluted:(not annualized for the quarter ended) | (2.77) | (2.20) | 0.30 |

**Note:-** The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at

For,Bloom Dekor Limited
Sd/-
Dr. Sunil Gupta
Managing Director
DIN: 00012572

Place: Ahmedabad
Date: November 5, 2018